અપીલ અરજી નં.૨૨૭ તા.૨૦–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૨૨–૭–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) ટી.પી.નં. ૩૩ માં ચાલતી ગેરરીતી અનુસંધાને (રાહુલરાજના) આર્કિટેકશ્રી સંજય જોષીને નગર નિયોજક ધ્વારા પત્ર નં.શ.વિ.વિ. ટી.ડી.ઓ.૩૭૧૨,તા.૨૩–૧૧–૧૦થી તેઓનું સુ.મ.ન.પા. ધ્વારા અપાયેલ લાયસન્સ કેમ રદ ન કરવું તેવો ખુલાસો આપ ધ્વારા માંગેલ તે ખુલાસો કરેલ હોય તેની નકલ સહિતની સંપૂર્ણ માહિતી આપવી વિ. મુદ્દા નં. (૧) થી (૨) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૨૭/ ૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૨૨–૭–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) ટી.પી.નં. ૩૩ માં ચાલતી ગેરરીતી અનુસંધાને (રાહુલરાજના) આર્કિટેક શ્રી સંજય જોષીને નગર નિયોજક ધ્વારા પત્ર નં.શ.વિ.વિ. ટી.ડી.ઓ.૩૭૧૨, તા. ૨૩–૧૧–૧૦થી તેઓનું સુ.મ.ન.પા. ધ્વારા અપાયેલ લાયસન્સ કેમ રદ ન કરવું તેવો ખુલાસો આપ ધ્વારા માંગેલ તે ખુલાસો કરેલ હોય તેની નકલ સહિતની સંપૂર્ણ માહિતી આપવી વિ. મુદ્દા નં. (૧) થી (૨) ની માહિતી આપવા બાબતે ડે.કમિ.(પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. ટી.ડી.ઓ./૧૯૮ તા. ૧૧–૮–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે વધુમાં અરજદારની અરજીના મુદ્દા નં.(૨) ની વિગતે આર્કિટેકને નોટીસ આપ્યા બાદ દિન–૭ની અવધિ બાદ આ અંગે કાર્યવાહી કરવાને જવાબદાર અધિકારી–કર્મચારીની નામ,હોદ્દા સહિતની વિગત તથા આ બાબતે કોઈ કાર્યવાહી દફતરી વિગતે અરજીની તારીખ સુધીમાં પૂર્ણ થયેલ હોય તો તેની વિગત પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૦૬ તા.૨૬–૮–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૩૩ તા.૩–૯–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૬૩૧ તા.૨૫–૭–૧૧ થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૧૯૮ તા.૧૧–૮–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૨–૭–૧૧ ની અરજીથી ટી.પી.નં. ૩૩ ના આર્કીટેકટ સંજય જોશી બાબતે મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી માંગતી અરજી ડે.કમિ.(પીએન્ડડી)અને જાહેર માહિતી અધિકારીને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૬૩૧ તા.૨૫–૭–૧૧ થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. ટીડીઓ / ૧૯૮ તા.૧૧–૮–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને મુદ્દા નં.૧ થી ૨ની માહિતી આપવામાં આવેલ. જેમાં મુદ્દા નં. (૧) ટી.પી.નં. ૩૩ માં ચાલતી ગેરરીતી અનુસંધાને (રાહુલરાજના) આર્કિટેક શ્રી સંજય જોષીને નગર નિયોજક ધ્વારા પત્ર નં.શ.વિ.વિ. ટી.ડી.ઓ.૩૭૧૨,તા. ૨૩–૧૧–૧૦થી તેઓનું સુ.મ.ન.પા. ધ્વારા અપાયેલ લાયસન્સ કેમ રદ ન કરવું તેવો ખુલાસો આપ ધ્વારા માંગેલ તે ખુલાસો કરેલ હોય તેની નકલ સહિતની સંપૂર્ણ માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતા ધ્વારા આર્કી. શ્રી સંજય જોષીને આપવામાં આવેલ કારણદર્શક નોટીસ તથા આર્કી. ધ્વારા કરવામાં આવેલ ખુલાસાની નકલો મેળવવા પ્રતિ નકલના રૂા.૨/– લેખે કુલ નકલ નંગ–૪ ના રૂા.૮/– (અંકે રૂપિયા આંઠ પુરા) શહેર વિકાસ કક્ષાએ ભરપાઈ કર્યેથી ઉકત નકલો આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે રસીદ નં.૪૯૭૧૧૩ તા.૧૭–૮–૧૧ થી રૂા.૮/– ભરપાઈ કરેલ છે તથા જાહેર માહિતી અધિકારીના માહિતી પત્ર પર અરજદારે તા.૧૮–૮–૧૧ ના રોજ કરેલ હસ્તાક્ષર જોતાં નકલ મેળવ્યાનું કહી શકાય અને અરજદારની અપીલમાં આર્કીટેકટે ૭ મહીના પછી ખુલાસો રજૂ કરેલ છે તેવી અપીલમાંની રજૂઆતથી અરજદારે માહિતી મેળવ્યાનું સ્પષ્ટ થાય છે. મુદ્દા નં.(૨) જો ખુલાસો ન કરેલ હોય તો પત્ર નં.ટીડીઓ/૩૭૧૨ અનુસંધાને આ આર્કીટેકટ વિરુધ્ધ જે પગલા ભરાયાહોય તેની સંપૂર્ણ માહિતી અને પગલા ન ભરાયા હોય તો પગલા ધરવા જેની જવાબદારી બનતી હોય તે અધિકારીના નામ હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આર્કીશ્રીએ ખુલાસો રજૂ કરેલ છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે સંજયજોશીને પત્ર નં.ટીડીઓ/૩૭૧૨ તા.૨૩–૧૧–૧૦ થી દિન–૭ માં ખુલાસો કરવાં જણાવેલ સતત ૭ મહીના બાદ આ ખુલાસો કરેલ છે જેથી આર્કીટેકટ વિરુધ્ધ કોઈ પગલા લેવાયેલ નથી અને નોટીસમા

જણાવ્યા મુજબ લાયસન્સ રદ થયેલ નથી જેથી આ બાબતે કાર્યવાહી ન કરનાર જે તે જવાબદાર અધિકારીના નામ હોદ્દા સહિતની માહિતી ન આપવાના કારણો સહિતની માહિતી તેવું જણાવી તા.૨૦–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં રીપોર્ટ ન કરનાર અને શિક્ષાત્મક કાર્યવાહી કરવાની અને વિના મૂલ્યે માહિતી પૂરી પાડવાની રજૂઆત કરેલ છે. જે બાબતે અરજદારે મુળ અરજીમાં જો તેમના ધ્વારા " ખુલાસો ન કરાયેલ હોય તો " પગલા ભરાયા હોત તેની માહિતી માંગવામાં આવેલ છે જયારે ખુલાસો કરાયેલ હોઈ તેવા જવાબદાર અધિકારીનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહીં તેથી મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં અરજદારને આર્કીટેકટનો ખુલાસો રજૂ કરેલ છે તેવી માહિતી પૂરી પાડેલ છે. અરજદારે અપીલ તબકકે વિલંબથી ખુલાસો રજૂ થયેલ હોય અને તેની સામે પગલા નથી કે લાયસન્સ રદ થયેલ નથી તેવો પ્રશ્ન અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો ઉપસ્થિત કરી અને જવાબદાર અધિકારના નામ અને હોદ્દાની માહિતી અપાયેલ નહીં હોવાની રજૂઆત કરેલ છે. અરજદાર મુળ અરજીથી અલાયદી માહિતી માંગણી અંગે આરટીઆઈના નિયમ અને જોગવાઈઅનુસાર અલાયદી અરજી કરવા સ્વતંત્ર છે.

અત્રે એ પણ સૂચક છે કે જાહેર માહિતી અધિકારીએ અપીલ તબકકે પૂરક વિગતોમાં તેમનો પક્ષ રજૂ કરી મુદ્દા નં.ર અંગે જણાવેલ છે કે આર્કીટેકટને નોટીસ આપ્યા બાદ તેઓ તરફથી રજૂ થયેલ રીવાઈઝડ પ્લાન અંગે અત્રેથી કોઈ નિર્ણય લેવાયેલ ન હોય તેની સામે કાર્યવાહી કરવા સક્ષમ સત્તાધીશ ધ્વારા કોઈ સૂચન થયેલ ન હોઈ આજ દિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. આમ મુદ્દૃ નં.ર અંગેની દફતરી વિગત જાહેર માહિતી અધિકારી પક્ષે અપીલ તબકકે સ્પષ્ટ થયેલ છે. પરંતુ પગલા ભરવા જવાબદાર અધિકારીના નામ અને હોદ્દાની માહિતી જે સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાની પણ ગણાય તે પૂરી પડાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૨–૭–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.ર ની પગલા ભરવા જવાબદાર અધિકારીઓના નામ અને હોદ્દા સહિતની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ સદર માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)ને જણાવવામાં આવે છે. અરજદારે મુળ અરજીથી અપીલ તબકકે ઉપસ્થિત કરેલ અલાયદા પ્રશ્ન અંગે આરટીઆઈ કાયદાના નિયમ અને જોગવાઈ અનુસાર લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ), .....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ